નીબત સંગત

પીછે સે પછતાને સે ક્યા ફાયદા, જબ ચીડિયા ચૂભ જાયે ખેત...

ઘણાં લોકોનું આયુષ્ય પૂરું થવા આવે, તો પણ 'જિંદગી' માણી શકતા નથી...!!!



બીગબી અમિતાભ બચ્ચનની ઘણી બધી ફિલ્મો લોકપ્રિય છે, અને તેમાં 'બાગબાં' ફિલ્મ અગ્રીમ હરોળમાં છે, તેનું કારણ એ છે કે પ્રવર્તમાન સામાજિક વાસ્તવિકતાનું તેમાં પ્રતિબિંબ પડે છે. તેવી જ રીતે ગુજરાતી સાહિત્યની પ્રાદેશિક ભાષાઓમાં પણ સમાજનું પ્રતિબિંબ પાડતી ઘણી જ ફિલ્મો લોકપ્રિય બની છે. બધાને આ ફિલ્મો જોવી ગમે છે અને તેની પ્રશંસા પણ થાય છે, પરંતુ ઘણી વખત આપણી જ આજુબાજુમાં જ 'બાગબાં' જેવી કડવી વાસ્તવિકતા પનપી રહી હોય, ત્યારે આપણી પ્રતિક્રિયા બદલી જતી હોય છે, તે પણ નક્કર હકીકત જ છે ને?

વૃદ્ધાશ્રમો વધી રહ્યા છે અને નવી પેઢી અને જુની પેઢી વચ્ચેનું અંતર ક્રમશઃ વધી રહ્યું છે, તેવા માહોલની વચ્ચે પણ ઘણાં દૃષ્ટાંતો એવા પણ મળે છે કે, માતા-પિતા કે અન્ય વયોવૃદ્ધ વડીલોની દેખભાળ માટે ઘણાં લોકો પોતાની કારકિર્દી, સુખ-સુવિધા અને સમાજજીવન અને પરિવાર જીવનની પણ પરવાહ કરતા હોતા નથી. આજે પણ ઘણાં આધુનિક શ્રવણો છે, જે પોતાના માતા-પિતા કે મોટા ભાઈ-બહેનો કે અન્ય વડીલોની ઈચ્છાઓ પૂરી કરવા પોતાની તમામ તાકાત કામે લગાડી દેતા હોય છે, અને દેવું કરીને પણ વડીલોની અપેક્ષાઓ પૂરી કરતા હોય છે.

સેવાભાવનાની પરાકાષ્ટા

સેવાભાવના જ્યારે પરાકાષ્ટાએ પહોંચી જાય છે, ત્યારે એવું લાગે છે કે,હવે બસ છે, કોઈપણ વ્યક્તિની સેવાભાવના જ્યારે વૈરાગ્યના સ્વરૂપમાં ફેરવાઈ જાય, ત્યારે તે ઘણી જ આવકારદાયક પણ બનતી હોય છે અને કેટલીક આડઅસરો પણ ઊભી થતી હોય છે. સંન્યાસ લઈ લીધો ન હોય કે પરિવારમાં કોઈ ન હોય, તેવા વ્યક્તિવિશેષો સિવાયના લોકોએ પોતાના પરિવારજનોની દરકાર કરવી પડતી હોય છે, કારણ કે તેઓ પોતાના પરિવારજનોને દુઃખી કરીને કાયમ માટે જો વિવિધ પ્રકારની 'સેવા' જ કર્યા રાખે, તો તે પણ ઈચ્છનિય નથી, ખરૂં કે નહીં?

પોતાના માટે પણ જીવવું જોઈએ

પરિવાર, સમાજ અને કોઈપણ સંસ્થા કે સંગઠન માટે જીવવાની સાથે સાથે પોતા માટે પણ જીવવું જોઈએ, પરંતુ ઘણાં લોકોની જિંદગી વિવિધ પ્રકારના કર્તવ્યો, ફરજો કે સેવા કરવામાં જ વીતી જતી હોય છે, અને તેઓ ક્યારેય પોતા માટે જીવી જ શકતા નથી. કદાચ આ આપણી ભારતીય સંસ્કૃતિની વિશેષતા પણ છે, પરંતુ આ પ્રકારે જેની જિંદગી આ રીતે ફરજો, કર્તવ્યો કે સેવાઓમાં જ પૂરી થઈ જતી હોય ત્યારે તેના માટે જવાબદાર તેની આજુબાજુના લોકો, સેવાઓ મેળવતા લોકો અને પોતાનાથી થઈ શકે તેમ હોય, તેવી સેવાઓ પણ ફરજ કે કર્તવ્યોને નામે લેતા લોકો ગણાય, તેવી માન્યતામાં પણ વજુદ છે, રાઈટ?

આપણે ત્યાં મોટાભાગની મહિલાઓનું જીવન કર્તવ્યો, ફરજો અને સેવા બજાવવામાં જ વિતી જતું હોય છે, અને વૃદ્ધા-વસ્થામાં જ્યારે કોઈ દરકાર ન રાખે, ત્યારે જિંદગી જીવવાની તકો ગુમાવવાની પળો સંભાળીને અફસોસ થતો હોય છે

મહિલાઓનું જીવન

આપણે ત્યાં મહિલાઓનું જીવન પણ મોટાભાગે આ રીતે સેવા કરતાં કરતાં જ વીતી જતું હોય છે, અને જ્યારે આ બધામાંથી નિવૃત્ત થઈ પણ શકે, તો પણ તે સમયે તેનું શરીર, મન કે સ્વાસ્થ્ય પોતા માટે કાંઈક કરવા કે નાનપણથી સેવેલા સપના સાકાર કરવા માટે સક્ષમ રહેતા હોતા નથી.

શિક્ષણ મેળવીને મોટા થાય, ત્યાં સુધી ઘરનું કામ કરે, માતા-પિતા, ભાઈ-બહેનો સાથે સહિયારી જિંદગી જીવે અને તે પછી સાસરે જાય, ત્યારે ત્યાંના પરિવારજનોની સેવા કરે. ભણેલી-ગણેલી-શિક્ષિકા યુવતીઓ જો કોઈપણ નોકરી કે વ્યવસાય કરતી હોય, તો પણ સાસરે ગયા પછી ઘરનું કામ તો કરવું જ પડતું હોય છે. અપવાદ રૂપ કેટલીક દીકરીઓ સાસરે ન જાય, તો પણ તેને પોતાના માતા-પિતાના પરિવાર અને ભાઈ-ભાભી-નણંદ વગેરેને અનુકૂળ રહેવું પડતું હોય છે. માતા-પિતા અને સાસુ-સસરાના દેહાંત પછી જ્યારે તેઓની સેવાઓમાંથી મુક્તિ મળે, ત્યાં સંતાનોના શિક્ષણ, પોષણ અને તેઓની નોકરી કે કામ-ધંધે ચડાવવા તથા પરણાવવાની જવાબદારી આવી પડતી હોય છે.

સંતાનોના જન્મથી માંડીને ઉછેર, અભ્યાસ, કારકિર્દી અને લગ્ન કરાવવા સુધીની તથા તેને ઘરનું ઘર અપાવ્યા સુધીની ફરજો બજાવ્યા પછી ઘરડા માતા-પિતાને પરાવલંબી જિંદગી પજવતી હોય છે તે નક્કર હકીકત જ છે ને ?

દીકરીઓ સાસરે જાય, અને પુત્રવધૂ આવે, તે સેવા કરે અને જો સંતાનમાં દીકરો ન હોય તો દીકરીઓને પરણાવ્યા પછી જમાઈ સહાનુભૂતિપૂર્વક સેવા કરે, તો પણ વૃદ્ધ થયેલા માતા-પિતાને થોડી-ઘણી જવાબદારીઓ તો ઊઠાવવી જ પડતી હોય છે, અને તેમાં ને તેમાં આખી જિંદગી વીતી જતી હોય છે. તેથી જ

એવું કહેવામાં આવતું હોય છે કે, જ્યારે શરીર ચાલતુ હોય અને આવક થતી હોય, ત્યારે ગમે તેમ કરીને પોતાના સપના પૂરા કરી લેવા જોઈએ અને જિંદગીને મન ભરીને માણી લેવી જોઈએ. જો એવું ન થઈ શકે, તો તેમાં બીજા કોઈને દોષ દેવાના બદલે આપણી જ આપણા જીવન પ્રત્યેની બેદરકારી સ્વીકારી લેવી જોઈએ. 'પીછે સે પછતાને સે ક્યા ફાયદા, જબ ચીડિયા ચૂભ જાયે ખેત!!'

બાળકોની જવાબદારી સરકાર સંભાળી શકે?

ઘણાં દેશોમાં બાળકોની જવાબદારી સરકાર સંભાળે છે, અને પરિવારના તમામ પુખ્ત લોકો કામ-ધંધો-નોકરી કરવા જાય છે. આવી વ્યવસ્થાઓ હોય છે, ત્યાં માતા-પિતા, પરિવાર, ભાઈ-બહેન તથા અન્ય પારિવારિક સંબંધોની આપણે ત્યાં હોય છે, તેવી મિઠાશ, સંવેદના કે ચિંતા હોતી નથી. આપણે ત્યાં સરકાર સંતાનોની સારસંભાળ તો રાખી શકે, પરંતુ માતા-પિતાની તમામ ફરજો સંભાળીને સરકાર જ સંતાનોને ઉછેરે, તેવી વ્યવસ્થા સંભવ નથી, અને ઈચ્છનિય પણ નથી, પરંતુ તેમ છતાં કેટલાક દેશોમાં છે, તેવી મતલબી મનોભાવનાઓ યુવાપેઢીમાં પનપી રહી હોય તેમ નથી લાગતું? શું આવી મતલબી મનોભાવનાઓના કારણે જ આપણે ત્યાં વૃદ્ધાશ્રમો વધી રહ્યા હશે? ભગવાન જાણે...

જે હોય તે ખરૂં, પરંતુ બાળપણ કિશોરાવસ્થા, યુવાની અને પ્રૌઢાવસ્થા દરમિયાન જ્યારે જ્યારે તક મળે, ત્યારે ત્યારે જિંદગી જીવી લેવી જોઈએ, અન્યથા પરાવલંબી બુઢાપો આવશે, ત્યારે ઘણો જ વસવસો થવાનો છે... નોંધી રાખજો...

છઠ્ઠી એપ્રિલે ગાંધીજીએ સવિનય કાનૂન ભંગની ચળવળ આદરી હતી

છઠ્ઠી એપ્રિલની વિવિધાસભર તવારીખ

અંગ્રેજોને હંફાવવા મહાત્મા ગાંધીએ દેશભરમાં દ્ધી એપ્રિલ ૧૯૧૯ માં સાવિનય કાનૂનભંગનું જે આહ્વાન કર્યું હતું, તે પછી દેશભરમાં અંગ્રેજોના અન્યાય સામે જનાક્રોશ અનેકગણો વધવા લાગ્યો હતો અને અંતે અંગ્રેજોએ ભારતને આઝાદ કરવું પડ્યું હતું. આ ઉપરાંત ૧૬૭૨ માં ફ્રાન્સ અને નેધરલેન્ડ વચ્ચે જંગની શરૂઆત, એથેન્સમાં પહેલા આધુનિક ઓલિમ્પિકનો ૧૮૬૯ માં પ્રારંભ. પ્રથમ વિશ્વ યુદ્ધમાં અમેરિકાનું વર્ષ ૧૯૧૭ માં આક્રમણ, અને વર્ષ ૧૯૪૨ માં જાપાને ભારત પર બોમ્બવર્ષા દ્ધી એપ્રિલે જ કરી હતી. વર્ષ ૧૯૮૦ માં દ્ધી એપ્રિલે ભારતીય જનતા પક્ષની સ્થાપના થઈ હતી. આઝાદીકાળ પછી ભારતીય જનસંઘ કાર્યરત હતો, જે વર્ષ ૧૯૭૭ માં જનતા પાર્ટીમાં વિલીન થયો હતો, અને જનતા પાર્ટીના વિઘટન પછી વર્ષ ૧૯૮૦ માં ભારતીય જનતા પાર્ટીની સ્થાપના થઈ હતી.

વિનોદ કોટેચા, એડવોકેટ

મન હોય તો માળવે જવાય

તમે મસ્ત કાર્ટુન જેવા લાગો છો...,

બનાવવા માં ખરેખર અત્યારે કોઈ મારો ફોટો પાડે તો કાર્ટૂન જેવો જ આવે તેવી હાલત થઈ ગઈ છે''.

પરંતુ આવું કહી શકાતું નથી કારણ કે જો ગર્લફ્રેન્ડ છોડીને ચાલી જાય તો મિત્રો વચ્ચે ખરેખર જિંદગી કાર્ટુન થઈ જાય. એટલે મસ્કા મારી અને છોકરો એટલું કહી દે યુ નો બેબી જિલ્લી સોફ્ટવેર છે અને એ થાકી જાય તો તારા બ્યુટીફૂલ ફોટાને યોગ્ય ન્યાય ન મળે. એટલે કલાક બે કલાક એ આરામ કરી લે પછી મસ્ત ઈમેજ બનાવી અને મોકલશે. મારે જિલ્લી સાથે વાત થઈ ગઈ છે. યુ આર સ્પેશિયલ ફોર મી એન્ડ જીબલી યુ નો ના જાનુ?

''સો સ્વીટ બાબુ, લવ યુ બાય...''

ઉંડો શ્વાસ લઈ અને બેબી રિલેક્સ થાય.

ખરેખર આ જીબલી ઇમેજની વાત આવ્યા પછી હિન્દુસ્તાનમાં બીજો કોઈ પ્રશ્ન રહ્યો જ ન હોય તેવું વાતાવરણ થઈ ગયું.

ટ્રમ્પના ટેરીફ ભુલાણા, શેર બજારનો ઇન્ડેક્સ ખોવાઈ ગયો, મોંઘવારી તો ક્યાંય પાછળ રહી ગઈ, વકફ બોર્ડનો ચુકાદો કે ચર્ચા થઈ કે નહીં તે પણ યાદ ના રહ્યું. કોની કબર સલામત છે કે સ્ટેન્ડ અપ કોમેડિયન શું બોલી ગયો હતો તે પણ યાદ નથી થતી.

બસ એક માત્ર નાદ ''મને કોઈ જીબલી ઈમેજ બનાવતા શીખવો''.

મને તો રાત્રે બે વાગે ચુનીલાલનો ફોન આવ્યો મને કહે ''મિલનભાઈ અત્યાર સુધી મેં કોશિશ કરી પરંતુ ના કામયાબ રહ્યો.પછી એમ થયું કે મિલનભાઈ ને પૂછી લઉં. બીજો પ્રશ્ન એ પણ થયો કે અત્યારે ૨ વાગે પૂછાય કે નહીં? પરંતુ અંદરથી જવાબ આવ્યો કે કલાકારો તો નિશાચર કહેવાય. હજુ તો જાગતા હશે એટલે તમને ફોન કરું છું.''

આટલું બોલ્યો ત્યાં તો હું ફરી સુઈ ગયો હતો પરંતુ રૂબરૂ આવી અને કાનમાં રાડુ પાડતો હોય તેવો ચુનિયાનો હલો હલો નો અવાજ ફરી આવ્યો.

મેં તરત જ કહ્યું અર્જન્ટ ન હોય તો ચુનીલાલ જે કાંઈ કામ હોય તે સવારે કહેજો.

મને કહે ''તમે મારી ૧૦૮ છો. અર્જન્ટ ન હોય તો તમને એવું લાગે છે કે હું તમને હેરાન કરૂં''?

હવે ખરેખર હું ગંભીર થઈ ગયો અને મનોમન મારી જાતને કોષવા લાગ્યો કે કોઈ રાતના ૨ વાગે ઇમરજન્સી સિવાય થોડું ફોન કરે એટલે ગંભીરતાથી મેં પૂછ્યું "હા બોલો ચુનીલાલ કોણ માંદુ છે?''

મને કહે ''આજુબાજુમાં કો'ક હશે. આપણે તો ટનાટન છીએ.

પણ વિષય ગંભીર છે એટલે મેં તમને ફોન કર્યો.

છેલ્લા ત્રણ કલાકથી હું મારા ફોટા માંથી જીબલી ઈમેજ બનાવવાનો પ્રયત્ન કરૂં છું પરંતુ આ સોફ્ટવેરની કાંઈ ભૂલ હશે મારો ફોટો રિજેક્ટ કરે છે.''

હવે ખરેખર મને ગુસ્સો આવ્યો ''આ કોઈ ગંભીર બાબત નથી આ તો સવારે પણ કહી શકાત. અત્યારે મારી ઊંઘ બગાડવાનો શું અર્થ છે ચુનીલાલ?''

ત્યાં તો ચુનીલાલ ડબલ ઉંચા અવાજે મને ખખડાવવા માંડ્યો ''બસને મિલનભાઈ રાત્રે ૨:૦૦ વાગે એક મિત્રને મિત્રની જરૂર પડી અને મિત્રએ મિત્રને દગો દઈ દીધો.''

''અરે સવાર સુધીમાં મારા સોશિયલ મીડિયા પર મારી જીબલી ઈમેજ અપલોડ નહીં થાય તો આ સમાજ મને શું કહેશે? મને તો મૂરખ કે અભણ કહેશે પરંતુ મારી આજુબાજુ મારા મિત્ર વિશે વિચારશે ત્યારે તમારું નામ તેમાં મોખરે હશે.અને હું નથી જતો કે લોકો મારી સાથે સાથે તમને પણ મૂરખ કે અભણ ગણે.

''ગામ જાગે અને આવું કશું વિચારે તે પહેલા મને એમ થયું કે હું તમારી સહાયતાથી આપણી બંનેની આબરૂ બચી જાય તે માટે જીબલી ઈમેજ બનાવી સોશિયલ મીડિયામાં અપલોડ કરી દઉં.''

ખરેખર તમે મને બહુ દુઃખી કર્યો. હું જ ગાલાવેલો છું. તમને મિત્રતાની કદર નથી. મને તમારી એટલી ચિંતા છે કે રાતના ૨ વાગે હું જાગીને પણ તમારી ચિંતા કરી શકું છું.

ખરેખર આ ફોનની વાતો ઉપરથી હું ગોટાળે ચડી ગયો. કે આમાં વાંક કોનો છે? સમાજ શા માટે, કોને, અને શું કામ કશું કહેશે?

આટલું કહી અને ચુનિયા એ તો ફોન મૂકી દીધો પરંતુ છેલ્લી બે કલાકથી હું અમારા બંનેના જીબલી ફોટા બનાવવાનો પ્રયત્ન કરૂં છું.

મેં બે ત્રણ વાર ચુનિયાને રીંગ કરી પણ નો રીપ્લાય થયો. કદાચ સૂઈ ગયો હશે.

વિચાર વાયુ: રીનીઃ રોનીને જોયો? કેવો લાગે છે?

જીનીઃ ફોટો જોઈ અને મળવા બોલાવેલો. પરંતુ રૂબરૂ તો સાવ જીબલી ઈમેજ જેવો લાગે છે.

મિલન ત્રીવેદી

મિલન 'મસ્ત'ની મસ્તી

વકફનો સચોટ વ્યવસ્થાપન- એક નવી દિશામાં કાયદાકીય ક્રાંતિ

ભારત દેશે ધર્મનિરપેક્ષતાને પોતાની ઓળખ બનાવી છે. દરેક ધર્મના લોકો માટે પોતાના ધાર્મિક હિતો અને સંપત્તિઓનું રક્ષણ કરવું ભારતના બંધારણની ઊંડાણપૂર્વકની પ્રતિબદ્ધતા છે. આવા સંજોગોમાં, મુસ્લિમ સમુદાયની ધાર્મિક હિતસંપત્તિ એટલે કે વકફ મિલકતોના સંચાલન માટે બનેલો કાયદો વકફ અધિનિયમ ''દેશના નીતિગત ઘોરણોમાં મહત્વનો સ્તંભ છે. પરંતુ વર્ષો સુધી ચાલી આવેલી ભ્રષ્ટાચાર, બેરહીવટ અને જવાબદારીના અભાવે, વકફ બોર્ડ અને તેમની પાસે ઓલી મિલકતો ઘણા પ્રશ્નો સામે આવી છે. આ જ પૃષ્ઠભૂમિમાં કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૫ માં એક મહત્વપૂર્ણ કાયદાકીય પગલું ભર્યું વકફ (સંશોધન) બિલ ૨૦૨૫".

આવા કાળજાગર મુદ્દાને હલ કરવા માટે ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫માં વકફ (સંશોધન) બિલ રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલ લોકસભામાં ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રજૂ થયું અને ૨૮ માર્ચ, ૨૦૨૫ના બંન્ન સદનમાં પાસ થયું.

ચાલો, હવે સામાન્ય ભાષામાં સમજીએ કે આ બિલ શું કહે છે, તેનું મહત્વ શું છે અને તેની અસર શું પડી શકે છે.

વકફ સુધારણા બિલ શું છે અને તેનું વ્યાપક અર્થ શું છે?:- આ બિલનો મુખ્ય ઉદ્દેશ વકફ મિલકતોના સંચાલનમાં પારદર્શકતા, જવાબદારી અને ન્યાયપૂર્ણ વ્યવસ્થાનો સમાવેશ કરવો છે. આ કાયદા દ્વારા ત્રણ મહત્વપૂર્ણ બદલાવ લાવવામાં આવ્યા છે, જેને સમજવું સામાન્ય નાગરિક માટે પણ અત્યંત અગત્યનું છે:

૧. વકફ બોર્ડની રચનામાં પરિવર્તન હવે માત્ર સમુદાયના સંદર્ભમાં નહીં:- અત્યાર સુધી વકફ બોર્ડના સભ્યો માત્ર મુસ્લિમ સમુદાયમાંથી નક્કી થતા હતા. જો કે હવે નવી સંશોધિત કલમ પ્રમાણે વકફ બોર્ડમાં ગૈરમુસ્લિમ સભ્યોનો સમાવેશ પણ શક્ય બનશે. આ પરિવર્તનનો ઉદ્દેશ એ નથી કે ધર્મમાં દખલ કરવો, પણ એ છે કે જ્યારે કોઈ સંસ્થાના હાથમાં હજારો કરોડોની મિલકત હોય અને તેના ઉપયોગનો હેતુ સમાજસેવા અને ધાર્મિક હિત હોય, ત્યારે તેનો વહીવટ પણ વિવિધ સ્તરે જનતાના પ્રતિનિધિત્વથી ચાલવો જોઈએ. આથી સરકાર હવે ચોક્કસ માપદંડ અને વ્યવસ્થિત નિયુક્તિની પદ્ધતિથી વકફ બોર્ડમાં સભ્યોનો સમાવેશ કરાવશે, જે પારદર્શક અને જવાબદાર સંચાલન તરફ એક મોટું પગલું છે.

૨. વકફ મિલકતના ઉપયોગ પર સરકારે વધુ દેખરેખ રાખવાની વ્યાપક વ્યૂહરચનાઃ- ભવિષ્યમાં જો કોઈ વકફ મિલકતનું ઉપયોગ તેની મૂળ વસિયત પ્રમાણે ન થતો હોય, તો સરકાર એ મામલે તપાસ શરૂકરી શકે છે. અહીં સરકારને હક આપવામાં આવ્યો છે કે જો વકફ મિલકતનો ઉપયોગ એના ધર્મગત કે સામાજિક હેતુ માટે ન થાય, તો તેની સમીક્ષા કરવા માટે વિશિષ્ટ તપાસ શરૂકરી શકે છે. એટલે હવે કોઈ પણ મોટાભાગની મિલકતો, ભાડે આપી હોય કે ગૈરકાયદેસર હસ્તાંતરણ કરવામાં આવી હોય, તો તેની સામે કાર્યવાહી શક્ય બનશે.

૩. બેનામી વ્યવહારો અને મિલકતોના ગૈરકાયદેસર હસ્તાંતરણ ઉપર કડક નિયંત્રણઃ- દેશભરમાં હજારો વકફ મિલકતો એવી છે જેનું વાસ્તવિક ધ્યેય વર્ષોથી ભુલાયું છે. ઘણી જગ્યા પર આવા પ્લોટો બેનામ લેવડદેવડમાં ક્રયાયા છે, અથવા તો જથ્થાબંધ ભાડે આપીને ખાનગી લાભ લેવાયો છે. આ નવા કાયદાથી દરેક મિલકતનું નોંધપાત્ર ડિજીટાઈઝેશન, ઓડિટ અને વાર્ષિક અહેવાલ ફરજિયાત બનાવાયો છે. હવે કોઈ પણ વેચાણ, ભાડે આપવું કે ઉંચા દરે ફરીથી આપવું એ કાયદેસર દંડની રેન્જમાં આવશે.

આ સુધારણા કેમ જરૂરી બની?

આ પ્રશ્નનો ઉત્તર આપતી વખતે આપણે હકીકતો સામે નજર કરીએઃ

ભારતમાં આજ સુધીમાં કુલ અંદાજે ૮ લાખથી વધુ વકફ મિલકતો નોંધાયેલા છે.

આ મિલકતોનું મૂલ્ય સરેરાશ ૧૦ લાખ કરોડ રૂપિયાનું કહેવાય છે, જે દ્રેશની કેટલીક નાગરિક યોજનાઓ કરતાં પણ વધુ મૂલ્ય ધરાવે છે.

દર વર્ષે પચાસ હજારથી વધુ કેસો વકફ મિલકતોના વિવાદથી સંબંધિત હોય છે.

હિસાબ-કીતાબ, રેકોર્ડસ, ભાડા કરાર અને હિતધારકોની જવાબદારીના ક્ષેત્રોમાં વકફ બોર્ડ ઘણા રાજ્યોમાં સંપૂર્ણ રીતે નિષ્ફળ નિવડ્યા છે.

આ સ્થિતિને ધ્યાને લઈને નવી કાયદાકીય વ્યવસ્થા બહાર પાડવી જરૂરી બની હતી, જે વાસ્તવિક ધ્યેય એટલે ધર્મ અને જનહિત વચ્ચે સંતુલન બનાવે. એવા સંજોગોમાં, સામાજિક જવાબદારી સાથે ભવિષ્યમાં ધર્મસંસ્થાઓ કે સંખ્યાકીય સમુદાયના નામે જાહેર જમીનો કે સંપત્તિઓની ઉજરેણ સરકારને કેવી રીતે રાખવી એનો માર્ગદર્શન પણ આ બિલ આપે છે.

આ કાયદો પ્રગતિશીલ કેમ ગણાય?

વકફ (સંશોધન) કાયદો વકફ મિલકતોને માત્ર બંધ પેટીની અંદર બંધવાનું સાધન નથી, પરંતુ તેને જનહિત માટે સાચા અર્થમાં ઉપયોગી બનાવવાનો પ્રયાસ છે. આ કાયદા દ્વારા સમુદાયની મિલકત માત્ર ધાર્મિક હેતુઓ સુધી મર્યાદિત ન રહીને સમાજહિત માટે ઉપયોગમાં લેવાઈ શકે તે માટે એક નવો દિશાનિર્દેશ કરવામાં આવ્યો છે.

આ નવી વ્યવસ્થાથી મુસ્લિમ સમુદાયમાં ભયનો માહોલ નહીં રહે, પણ વિશ્વાસની ભાવના પેદા થશે કે હવે તેમની મિલકતનું યોગ્ય રીતે સંચાલન થશે, અને તેનું દુરૂપયોગ અટકાવવાનું રોકાશે. અરાજીની અખાજત અને ગેરવહીવટ સામે હવે કડક જવાબદારી ઊભી થશે, કારણ કે હવે હિસાબકિતાબ, વાર્ષિક અહેવાલ અને તટસ્થ ઓડિટ પ્રક્રિયા ફરજિયાત બનાવવામાં આવી છે.

દરેક મિલકત માટે તેનો હકદાર કોણ છે, તેનો હેતુ શું છે અને તે કેવી રીતે વપરાઈ રહી છે તેનો સંપૂર્ણ હિસાબ રાખવા માટે નિશ્ચિત ટ્રેકિંગ વ્યવસ્થા અમલમાં લાવવામાં આવી છે, જેના પરિણામે કોઈપણ મિલકતનો ભ્રમિત કે ભિન્નહેતુ વપરાશ અટકાવી શકાય.

અંતે, આ કાયદાનું મૂળ હેતુ કોઈ સમુદાયને અવરોધ કરવાનું નથી, પરંતુ દરેક ધાર્મિક સંસ્થાને સાંવર્ધનશીલ, જવાબદાર અને બંધારણસર સંચાલિત બનાવવાનું છે. વાસ્તવમાં, આ કાયદો ધર્મ અને બંધારણ વચ્ચેનો સંતુલન સ્થાપિત કરવાનો યત્ન છે.

આ બિલના હેતુ શું છે?:- (૧) વકફ મિલકતોના દુરૂપયોગ અટકાવવો (૨) વકફ બોર્ડમાં જવાબદારી, પારદર્શકતા અને દંડની વ્યવસ્થા લાવવી (૩) સંવિધાનિક માળખું ઘડવું કે જેના દ્વારા દરેક ધર્મના ધર્મસ્થાનોની મર્યાદાવાળ યોગ્ય રીતે થાય. (૪) રાજકીય લાભલિકતાને દૂર કરી સમાનતા તરફ દિશામાન થવું

ઉપસંહાર ધર્મને ક્ષીણ નહીં, સંરક્ષિત કરતી કાયદાકીય દિશા

વકફ (સંશોધન) બિલને લઈને અનેક વિવાદો ઊભા થયા છે. કેટલીક બાજુએ તે સ્ટેપ એ સમજાવું છે કે આ કાયદો મુસ્લિમ સમુદાયના અધિકારોમાં દખલ કરવાનો પ્રયાસ છે. પરંતુ જો તટસ્થ નજરથી જોઈએ તો સ્પષ્ટ થાય છે કે આ કાયદાનું મૂળ હેતુ કોઈ પણ ધર્મ કે સમુદાયને દબાવવાનો નથી, પણ ધર્મસંસ્થાઓ દ્વારા પ્રાપ્ત મિલકતનો યોગ્ય, પારદર્શક અને જવાબદાર સંચાલન સુનિશ્ચિત કરવાનો છે. આ સુધારણા એ દર્શાવે છે કે આપણે હવે હકીકતો સામે આંખ મીંચીને જીવવાની ભુલ નથી કરતા. આજની આવશ્યકતા એ છે કે ધાર્મિક સંસ્થાઓ પણ આધુનિક સંચાલન સિદ્ધાંતોને અપનાવે, જેથી સમાજના દરેક વર્ગ માટે ધાર્મિક મિલકતો એક સક્રિય હિત સાધનરૂપ બની શકે.

સાચો ધર્મ એ છે જેનાથી સર્વજનહિત થાય, અને તેનો દુરૂપયોગ રોકવો એ કોઈ ધર્મવિરોધી કૃત્ય નહીં, પરંતુ ધર્મપ્રેમી સમાજની જવાબદારી છે. આવી દૃષ્ટિથી જોવામાં આવે તો વકફ કાયદાનો સંશોધિત આ અવતાર એક મજબૂત, પારદર્શક અને બંધારણભક્ત વ્યવસ્થા ઊભી કરવાનું પ્રયાસ છે. આથી, એ વિશ્વાસ સાથે આગળ વધીએ કે આ કાયદો કોઈના ધર્મનું અપમાન કરતો નથી, પરંતુ તેની મુલ્યવાન સંપત્તિને સાચા હેતુઓ માટે ઉપયોગી બનાવવાની દિશામાં એક સચોટ પગલું છે. સમયની માંગ છે કે દરેક નાગરિક સમજદારીપૂર્વક આ કાયદાને સમજે અને તેનો સ્વીકાર કરે.

ધ્વનિ લાખાણી

કાનૂનનો કાંઠો ધ્વનિની કંઠે